સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

છે ચીની પેદાસ દોસ્ત થઈને સૌને છળી જશે!
ધર્મ-સમાજ-સંસ્કૃતિને આ ડ્રેગન ગળી જશે!
ટળી જશે વિશ્વ એના વિનાશકારી વલણથી -
જશે નહીં હવે 'કોરોના' લોહીમાં જ ભળી જશે!?

હાઈકુ

ફેલાવે પંજો,
વિસ્તારવાદી ચીન -
છે હવાતિયાં!!

વિશ્વનું વેરી -
માનવતાનું યમ -
નિર્દય ચીન -
(માનવ-સંહાર માટે વિશ્વમાં વેપ ફેલાવ્યો!!)

ચિંતન

મચ્છર કાહિ કાલંક ન લાવા, કાહિ ન સોક સમીર ડોલાવા ।
ચિંતા સૌંપિની કો નહિ ખાયા, કો જગ જાહિ બ્યાપી માયા?! ॥

ઉપરોક્ત સાખી ઉત્તરકાંડમાંથી લેવામાં આવેલ છે.

આ સંસારમાં જેણે ઈર્ષ્યા કરી છે તમામ કલંકિત થયા જ છે. ઈર્ષાના પરિણામે વ્યક્તિનાં વિચાર અને વર્તન પર અસર થાય છે. અને સ્પર્ધકને પછાડવા ગમે તેવા નિમ્ન પેંતરા રચે છે.

શોકરુપી પવને કોને ચલિત નથી કર્યા? આ સંસાર વહેવારમાં રહેનાર દરેકને મોહ-માયા બંધાય છે કોઈને ઘર-સગાંસંબંધી-સંપત્તિ-સાધન આવા મોહ નાશવંત છે છતાં માનવી માયા મૂકી શકતો નથી અને પરિણામે આ બધાથી જ્યારે વિયોગ થાય ત્યારે ત્યારે દુ:ખ-શોક થાય છે.

માણસ જ્યાં સુધી સંસાર અને કર્મોથી વિરક્ત ન થાય, તટસ્થ ન થાય ત્યાં સુધી મન એમાં પરોવાયેલું રહે છે અને સ્નેહ-મોહ-માયા-મમતાને કારણે ચિંતામાં રહે છે. સંસારમાં રહીને જેણે દિવ્યજ્ઞાન પ્રાપ્ત નથી કર્યું એવા લોકો ને ઈર્ષ્યા-લોભ-મોહ-ક્રોધ-શોખ-ચિંતા જેવા તત્ત્વો પરેશાન કરે જ છે.

સુવિચાર

- ભારતની ગરીબી માટે હાલની શાસન વ્યવસ્થા સંપૂર્ણપદે જવાબદાર છે - **ખુશવંતસિંહ**
- ચૂંટણી જનતા માટે રાજનીતિક શિક્ષણ આપવા માટેનું વિશ્વવિદ્યાલય છે - **જવાહરલાલ**
- શબ્દમાંથી મૌન પેદા થયું છે, મૌન પરિપક્વ થાય ત્યારે બોલે છે - **સંત પુનિત**
- જવાબદારી આવે એનાથી અકળાવું નહીં,
  ઉપાડી શકાય એટલી જ જવાબદારી ઈશ્વર આપે છે - **રવિશંકર મહારાજ**
- પાંડિત્ય કયું? નિર્ણયશક્તિ, આપત્તિઓ આવી પડે તે વખતે યોગ્ય નિર્ણય ન કરી શકે તેના માર્ગમાં પગલે પગલે આફત આવવાની - **હિતોપદેશ**
- જૂઠ તમામ બુરાઈઓનું જનક અને સત્ય તમામ બુરાઈઓનો ઈલાજ છે - **સોક્રેટિસ**
- આજનું ઔષધ : તજના પાઉડરની પાણીમાં પેસ્ટ બનાવીને કપાળમાં લગાડવાથી માઈગ્રેનમાં રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈંડોનેશિયામાં વસતાં દસેક વર્ષના એક બાળકે જીદ કરી કે તેને સ્કૂલે નથી જવું. પિતાએ સ્કૂલે ન જવાનું કારણ પૂછ્યું તો બાળકે જવાબમાં કહ્યું, 'સ્કૂલમાં મારા સાથે ભણતા સૌ મારી મજાક ઉડાવે છે.' પિતાએ પ્રેમથી સમજાવતા કહ્યું, 'એમાં કંઈ વાંધો નહીં. થોડા દિવસોમાં સૌ તારા મિત્રો બની જશે.' બાળકે છતાં જીદ ચાલુ રાખી સ્કૂલમાં જવાનો ઈન્કાર કર્યો. અને ભણવાની ચોપડીઓ ફેંકી દીધી. માતાપિતાએ ખૂબ પ્રેમથી સમજાવ્યો પણ તે ન માન્યો. પિતાએ આ વાત તેના એક મિત્રને કરી. પેલા મિત્ર એક રવિવારે તે બાળકને મળવા આવ્યા. અને તે બંને જણા એક પાણીના ઝરણા પાસે ગયા. પેલા પિતાના મિત્રએ એક મોટો પથ્થર લઈ ઝરણાના પ્રવાહ વચ્ચે મૂક્યો. અને કહ્યું, 'જોજો, આ પથ્થરથી પાણી વહેતું અટકી જશે.' થોડી ક્ષણો માટે પાણી વહેતું અટકી ગયું. પરંતુ થોડી જ વારમાં પાછળથી આવતા પાણીથી પેલો પથ્થર પાણીમાં ડૂબી ગયો અને પાણી ફરીથી આગળ વધવા લાગ્યું. વડીલે સમજાવતા કહ્યું, 'બેટા, કોઈ પણ પ્રકારની અચડણ અને રુકાવટોથી ગભરાવું ન જોઈએ. જો પાણી પણ અડચણ ઉપર વિજય મેળવીને આગળ વધી રહ્યું છે. તો તું તો મનુષ્ય છે, અડચણો અને મુશ્કેલીઓથી ગભરાય છે શું કામ ?' બાળકને આ ઉદાહરણ મગજમાં ઉતર્યું અને બીજે દિવસથી સ્કૂલે જવાનું શરૂ કર્યું. થોડા જ દિવસોમાં તેના સહપાઠી તેના મિત્ર બની ગયા. એ બાળકનું નામ હતું અહમક સુકર્ણો. મોટા થઈને તેઓ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ બન્યા.

કમલનાથનું વર્તન યોગ્ય નથી

તંત્રીસ્થાનેથી...

ક્યારેક સમાજમાં પદને કારણે પ્રતિષ્ઠા પામેલા મહાનુભાવો એવું વર્તન કરી બેસે ઓછે કે એમના માનવી તરીકેના મૂલ્યાંકન અંગે પ્રશ્નો ઊભા થાય. શેરીનાં બાળકોની જેમ અથવા ગામડાની અભણ મજૂરણોની જેમ તેઓ એકમેકને ઉતારી પાડવાના કારસા કરતા રહે છે. હમણાં શિવરાજસિંહને કોવિડ-૧૯ના દરદી તરીકે હોસ્પિટલમાં દાખલ કરાયા છે ત્યારે એમના કોંગ્રેસી પ્રતિસ્પર્ધીએ શુભેચ્છાનાં ફૂલો સાથે મેણાં ટોણાંના કાંટા મોકલીને પોતાનું વરવું સ્વરુપ દેખાડ્યું છે. મુદ્દા આધારિત આક્ષેપબાજી લોકશાહીમાં આવકારદાયક ગણાય પરંતુ સાવ જ વાહિયાત અથવા અજુગતી ભાંડણલીલા તો આવા મહાનુભાવોના સ્તર વિશે શંકા જ જન્માવે. મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથને સત્તા છોડવી પડી છે એનું દુ:ખ હોય તે સમજી શકાય છે. એમની સામે પદ્ધતિસરનું રાજકીય ષડયંત્ર રચાયું હતું અને એનો દોરી સંચાર દિલ્હીથી થતો હતો એ પણ કોઈથી અજાણ્યું નથી. સ્વાભાવિક છે કે કોંગ્રેસના એક સંતુષ્ટ જૂથને લાલચ આપીને કોંગ્રેસ છોડાવવામાં આવી હતી અને એના મૂળમાં મુખ્યમંત્રી પદના દાવેદાર જયોતિરાદિત્ય સિંધિયાને થયેલો કહેવાતો અન્યાય હતો,પરંતુ મતદારો સાથે તો કોંગ્રેસી ધારાસભ્યોનો સીધો દ્રોહ જ હતો. કમલનાથ રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત જેટલી લાંબી ટક્કર પણ લઈ શકે તેમ નહોતા કારણ કે સાવ પાતળી બહુમતીથી સત્તા પર આવ્યા હતા. ત્યારે શિવરાજસિંહ ચૌહાણ તો સંજોગવશ મધ્યપ્રદેશની રાજા ભોજની ગાદી પર પુનઃ પ્રસ્થાપિત થયેલા. કેન્દ્રીય નેતાગીરી પાસે એમનો અન્ય વિકલ્પ નહોતો. સિંધિયાને બારોબાર મુખ્યમંત્રી બનાવી દેવાથી પાર્ટીમાં જ અસંતોષ ઊભો થાય એમ હતો. શિવરાજસિંહ ચૌહાણને મંત્રીમંડળની રચનામાં મલબત્ત, છૂટો દોર નહોતો મળી શક્યો. મુખ્યમંત્રી પદ સિવાયના ઘણા મહત્ત્વના વિભાગો એમની ઈચ્છા વિરુદ્ધ સિંધિયા જૂથના કોંગ્રેસીઓને ફાળવાયા હતા. એટલે ચોથી ટર્મ માટે મુખ્યમંત્રી બનવા મળ્યું એ જ શિવરાજસિંહ ચૌહાણ માટે મહત્ત્વનું હતું. એમની પાંખો કાપી લેવામાં આવી હતી જેનો બળાપો પણ એમને 'ઝેર તો શિવના ભાગે જ આવે છે' કહી કાઢ્યો હતો. વ્યક્તિ તરીકે શિવરાજસિંહ ચૌહાણ કદાચ વર્તમાન સમયના તમામ રાજકીય આગેવાનો કરતાં વધુ સૌમ્ય અને પ્રજાલક્ષી નેતા તરીકેની ઈમેજ ધરાવે છે. તેઓ મધ્યપ્રદેશની ગરીબ મહિલાઓ માટે તો મોટાભાઈ જેવા છે. એમનું બીજું જ નામ જ 'મામા' પડી ગયુંછે તેઅમસ્તુંનહીં હોય. કમલનાથ ખટપટિયા નેતા છે. છિંદવાડાની સંસદની સીટ એમને ઘણા લાંબા સમય સુધી જાળવી રાખી અને ગાંધી પરિવાર સાથે પણ એમનો ઘનિષ્ઠ સંબંધ રહ્યો. ઈંદિરા ગાંધીની હત્યા પછી થયેલાં રમખાણોમાં એમનું નામ વારંવાર ચમકતું રહ્યુંહતું. શીખ સમુદાય આજે પણ એમને નફરત કરે છે. શિવરાજસિંહ ચૌહાણને કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો એથી તેઓ પોતે ઘણા ગભરાઈ ગયા છે. મેં આ બીમારીથી બચવા ઘણી કોશિશ કરી છતાં લોકોને કોઈને કોઈ નિમિત્તે મળવું તો પડતું જ હતું. મારા સંપર્કમાં આવેલ તમામને હું ટેસ્ટ કરાવી લેવા અપીલ કરું છું- એ મતલબનો સંદેશ આપી એમને સત્તાના સૂત્રો પોતાના મંત્રીમંડળના સાથીઓને સોંપી એકાંતવાસ સ્વીકારી લીધો છે. કમલનાથે એમને જલદી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવતા સંદેશ સાથે સંખ્યાબંધ કટાક્ષબાણ છોડ્યા છે, જે એમનામાં રહેલી વેરવૃત્તિ દર્શાવે છે. પોતાને સત્તા પરથી હટાવવાની ઝુંબેશમાં શિવરાજ કોરોના વાઈરસને ગંભીરતાપૂર્વક ન લઈ શક્યા, બલકે અમારી મજાક ઉડાવતા રહ્યા આ એનું પરિણામ છે. માર્ચમાં લોકડાઉનના આદેશ પૂર્વે ઉતાવળે કમલનાથનું ઉઠમણું કરી કેન્દ્રના આદેશથી શિવરાજનો સોગંદવિધિ પતાવી દેવાયો હતો, તે હજી સુધી કમલનાથને કાંટાની જેમ ખટકે છે. કમલનાથને ઊથલાવવામાં શિવરાજ કે નરેન્દ્ર મોદી કરતાં વધુ રસ તો એમના કોંગ્રેસી પ્રતિસ્પર્ધી, અસંતુષ્ટ જૂથના નેતા જયોતિરાદિત્ય સિંધિયાએ દાખવ્યો હતો. બલકે મોદી-શાહ માટે હશે એટલું મહત્ત્વ કદાચ શિવરાજ માટે એ ઉપક્રમ પાર પાડવાનું હતું પણ નહીં, તે સૌ જાણે છે. કમલનાથ શિવરાજને બીમારી ટાણે દાઝ્યા પર ડામ દઈ રહ્યા છે તે માનવીય સંવેદનશીલતાને અનુરુપ નથી જ. આવી ક્રૂર કટાક્ષવાણી કમલનાથના સ્વકેન્દ્રિત વ્યક્તિત્વનો પડઘો પાડે છે.

પ્રેમ, ધર્મ પરિવર્તન, લગ્ન અને લગ્ન વિચ્છેદમાં હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ધર્મ પરિવર્તન કરી લગ્ન કરનારની સંખ્યામાં દિવસે દિવસે વધારો થતો જાય છે. તેવા સમયે સમાજમાં લાલબત્તી સમાન કિસ્સો હેબીયર્સ કોપર્સની અરજીમાં હાઈકોર્ટ સમક્ષ આવતા હાઈકોર્ટ અત્યંત માર્લીક અને મર્મસ્પર્શ અવલોકન કરી સીમાચિહ્નરૂપ ચુકાદો આપેલ છે.

ધર્મ પરિવર્તન કરીને લગ્ન કરનાર પ્રવૃત્તિએ બાળકોની કસ્ટડી પતી પાસેથી મેળવવા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સની અરજી ગુજારી બાળકોની માંગણી કરતા નામદાર સોનીયાબેન ગોકાણી અને નામદાર એન. વી. અંજારીયાની ખંડપીઠે અરજદાર મહિલાને તેના ત્રણ વર્ષથી નીચેની ઉંમરના જોડીયા બાળકોનો કબજો સોંપવા હુકમ કરતા જણાવ્યું હતું કે માતાનું ચારિત્ર્ય હનન કરીને તેનું મનોબળ તોડવાના પ્રયત્ન કરી શકાય નહિ. આત્મસન્માન અને મનોબળ તોડી ચારિત્ર્યના આક્ષેપો કરી પતી દ્વારા કોર્ટની સહાનુભુતિ જીતી શકાય નહિ. મહિલા પોતે ટીફીન સેવા આપી આત્મનિર્ભર બનવા પ્રયત્ન કરી રહી હોય તેવા સંજોગોમાં તેનું આત્મબળ તોડી શકાય નહિ. મહિલા પોતે તેનું અને તેના બાળકોની સાર સંભાળ લેવા સક્ષમ છે તેવા સંજોગોમાં બાળકોનો કબજો મહિલાને સોંપવો યથાયોગ્ય છે માપા પોતે આત્મબળે ગૌરવપૂર્ણ રીતે પોતાના જીવનને નવો આકાર આપવાનું સાહસ દર્શાવી રહી હોય તેનું ચારિત્ર્યહનન કરીને તેના આત્મસન્માન અને મનોબળને તોડી ના શકાય.

બાળકો ૧૧ મહિના બાદ પોતાની માતાને મળતા માતાના આનંદની કોઈ સીમા ન હોતી લાગણી સભર રીતે સજળનયને માતાએ પોતાના ત્રણ વર્ષથી નાના જોડીયા બાળકોનો કબજો સંભાળી ન્યાયમંદિરને ભગવાન તુલ્ય ગણાવેલ. આટલા લાંબા સમય બાદ બાળકો મળવા છતાં બાળકોની લાગણીમાં જરાય ઓટ આવી ન હોતી. પોલીસને નામદાર કોર્ટે હુકમ કરેલ છે કે બાળકોને નવા કપડા સહિતની પ્રાથમીક જરૂરીયાત પુરી કરી મહિલાને પુરતુ પોલીસ રક્ષણ આપી તેના ઘરે મુકવામાં આવે. છ મહિના સુધી બાળકોની સુખાકારી સુનિશ્ચિત કરવા માટે પોલીસે સમયાંતરે તેમની મુલાકાત લેવાની રહેશે તેમજ પતિ દ્વારા કોઈપણ રીતે કાયદો હાથમાં લેવામાં આવે તો અગર તો બળજબરી કરવામાં આવે તો પતિ વિરૂધ્ધ કાયદાકિય પગલા ભરવા માટે પણ પોલીસને જરૂરી સૂચના નામદાર કોર્ટે આપેલ છે.

સમગ્ર મામલામાં અરજદાર યુવતિએ હાઈકોર્ટમાં પોતે ધર્મ પરિવર્તન કરી પ્રેમ લગ્ન કરેલ તેની સામે પતિ તથા સાસરીયા ક્રુરતાપૂર્ણ વ્યવહાર કરતા તેમજ બે બાળકોના જન્મબાદ સાસરીયાએ તેને મારઝુડ કરી ઘરમાંથી કાઢી મુકી હતી તેણે માતા પિતાના વિરૂધ્ધમાં જઈ ધર્મ પરિવર્તન કરી લગ્ન કરેલા હોય માતા પિતાના ઘરે આશરો મેળવી શકે તેમ નથી. બાળકોની ઉંમર નાની છે તેને માતાના પ્રેમ, હુંફ અને લાગણીની જરૂરીયાત છે. મહિલાએ તેના પતિ અને સાસરીયા વિરૂધ્ધ પોલીસમાં ફરીયાદ નોંધવાનો ઘણો જ પ્રયત્ન કરવા છતાં પોલીસે તેને જયાં રહેતી હોય ત્યાં ફરીયાદ કરવા જણાવેલ તેમજ રાજકોટ મુકામે છેલ્લે રહેતી હોય ત્યાં ફરીયાદ કરવી તેમ કહી કાઢી મુકેલ ના છુટકે, ના ઈલાજે મહિલાએ બાળકોની કસ્ટડી મેળવવા માટે નામદાર કોર્ટનો આશરો મેળવેલ અરજદારે જણાવે કે પોતે અસહાય એકલી મહિલા છે અને આટલો લાંબો પ્રવાસ કરી રાજકોટ જઈ સાસરીયા તેમજ પતિ વિરૂધ્ધ ફરીયાદ કરી શકે તેમ નથી તેના જીવનું જોખમ છે તેવી સ્થિતિમા નામદાર કોર્ટ જ એક માત્ર આશરો છે ન્યાય મેળવવા નો.

અરજદારના પતિને નામદાર કોર્ટે નોટીસ કાઢી બાળકો સાથે હાજર રહેવા ફરમાન કરતા અરજદારના મહિલાના પતિએ બાળકો સાથે હાજર રહી પત્ની ઉપર ચારિત્ર્યની બાબતમાં આક્ષેપો કરી લગ્નોત્તર સંબંધો રાખતી હોવાની શેક વ્યક્ત કરી તેણીની ચારિત્ર્યહિન હોય બાળકોનો કબજો સોંપી શકાય નહિ તેવી રજુઆત કરેલ તેમજ પત્નીને શાળાકામમાં પણ અન્ય યુવક સાજે આડા સંબંધો હોવાની હક્કિત જણાવેલ અરજદારની સાસુએ પણ પોતાના પુત્ર તરફે સોગંદનામું રજુ કરી પુત્ર વધુ ચારીત્ર્યહિન હોવાનો આક્ષેપ કરેલ. નામદાર હાઈકોર્ટે તપાસ કરતા જાણવા મળેલ કે અરજદાર મહિલાનો પતિ પોતે ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે તેની માતાએ ત્રણ ત્રણ લગ્ન કરેલ છે અને હવે તેને તેના

અનુસંધાન પાના નં ૭ પર

રચી મૃત્યુ જેવો શબ્દ સાવ ટૂંકો, પ્રભુએ જીવનની સમીક્ષા કરી છે

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

તુમ નહીં થે વ્યક્તિ, તુમ આઝાદિયોં કે કારવાં થે,
અમ્ન કે તુમ રહનુમા થે, પ્યાર કે તુમ પાસબાં થે;
યહ હકીકત હૈ, ન ભ્રમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.

- 'નીરજ'

'કોરોના'ને કારણે કંટાળી ગયા, હેરાન થઈ ગયા, ત્રાસી ગયા, વૈશ્વિક સ્તરે આર્થિક મંદીની બૂમો, ચારેબાજુ તકલીફો, ફરિયાદો અને ભયનો માહોલ છે. આપણે સતત એક જાતના ભય હેઠળ જીવી રહ્યા હોઈએ એ પ્રકારના માહોલ સર્જાયો છે. કોરોના કરતાં અકસ્માતમાં મૃત્યુ, કેન્સર અને ડાયાબિટીઝ જેવા જટિલ રોગોને કારણે થયેલા દુ:ખદ અવસાન એ તમામની સંખ્યા વધુ જ હોય છે. છતાં કોરોના નામની મહામારી આપણને ડરાવી પણ રહી છે અને આપણે તેને પૂરેપૂરી રીતે સમજી પણ શક્યા નથી. કોરોનામાંથી સંક્રમણ લાગ્યા બાદ ફરીથી સાજા થઈ રોજિંદા જીવનમાં પાછા ફરનારા લોકોની સંખ્યા ઘણી મોટી હોવા છતાં કોરોનાનો ડર ઘટ્યો નથી. જો કે, એક વર્ગ એવો પણ છે કે જે પૂરતી કાળજી કે સાવચેતી રાખવામાં માનતો નથી અને પરિણામે આ રોગનું સંક્રમણ નિયંત્રણમાં આવી શકતું નથી. વિપિન પરીખની યમરાજને ઉદ્દેશીને લખાયેલી આ કવિતા આજની આ પરિસ્થિતિમાં બિલકુલ બંધબેસતી લાગે છે :

આજથી
અમે આ પૃથ્વીના સૌ માનવો ભેગા થયા છીએ.
તારા ઘરની સામે ધરણાં કરી બેઠા છીએ.
હવે અમે નિર્બળ નથી.
હવે અમે તારી જોહુકમી નહીં ચલાવી લઈએ.
તું જવાબ નહીં આપે ત્યાં સુધી
અમે સૌ આરમણાંત ઉપવાસ પર ઊતરશું.
તારે અમારી શરતો સ્વીકારવી જ પડશે.
આજથી
કાલાઘેલા શબ્દો હોઠ પર હજી ભીના ભીના છે
એ હોઠોને તું હંમેશ માટે ચૂપ નહીં કરે.
એકબીજાની આંખમાં આકાશમાં કલ્લોલ કરતાં,
પતિપત્નીના યુગલમાંથી એકને
તું નિષ્ઠુર થઈ વીંધી નહીં નાખે.
પપ્પા-મમ્મી, મમ્મી-પપ્પા બોલી બોલી
ઘરમાં ફરી વળતા ખુશખુશાલ બાળકને
ધરતીનો કોઈ પણ ખૂણે પપ્પા કે મમ્મી મળે જ નહીં
એવો તું ક્યારેક નિર્દય નહીં થાય
આજથી હવે
અમે તારા કહેવાથી
અહીંથી ખસીશું નહીં.

- વિપિન પરીખ

કોરોનાના કારણે થયેલું મૃત્યુ થોડું વધુ કષ્ટદાયક રહે છે કારણ કે અંતિમ સંસ્કાર અને મરણોપરાંત થનાર રીતીરિવાજો આપણનો આપણા અંગત સ્વજનના મૃત્યુને સ્વીકારવાનું શીખવે છે. અંગત વ્યક્તિનું જવું આપણા માટે અસહ્ય પીડાદાયક હોવાનું જ પણ સમયાંતરે તેનો સ્વીકાર કર્યા સિવાય આપણી પાસે કોઈ વિકલ્પ નથી હોતો. આવા સમયમાં પરિવારજનો સાથે મળીને રહે, પ્રાર્થના - ભજન કરે ત્યારે આ દુ:ખ ધીરે ધીરે હળવું કરી શકાય છે. પણ કોરોનાએ આપણી પાસેથી આ સવલત પણ છીનવી લીધી છે. મનોજ ખંડેરિયા લખે છે :

"રચી મૃત્યુ જેવો શબ્દ સાવ ટૂંકો,
પ્રભુએ જીવનની સમીક્ષા કરી છે."

આપણને મળેલ અમૂલ્ય જીવન, સુંદર સ્વસ્થ શરીર, પ્રકૃતિના અવનવા સર્જન આ તમામનું જતન કરનાર ઈશ્વરને પોતાના સર્જન પર પસ્તાવું પડે એટલી હદે આપણે આ તમામનો દુરુપયોગ કર્યો છે. અને માટે જ ઈશ્વરના આ ક્રોધને આપણે ભોગ બન્યા હોઈએ તેવું લાગે છે. પણ જેમ મા-બાપ પોતાના બાળખોની ભૂલ માફ કરી દે તેમ ઈશ્વર પણ આપણી ભૂલોને માફ કરી દે તો જ આપણે, આવનારી પેઢી શાંતિથી જીવી શકીશું.

લાસ્ટ સીન :

"દુનિયામાં મને મોકલી પસ્તાયો હતો તું
મૃત્યુનું બહાનુ કરી આ પાછો ફર્યો લે."

- 'મરીઝ'

- nehalgadhavi101@gmail.com

રાજકીય ફોન-ટેપિંગ પરાપૂર્વથી, રાજસ્થાનમાં નવાઈ નથી

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

રાજસ્થાનમાં તાજા રાજકીય ઉહાપોહ વચ્ચે ધારાસભ્યોની ખરીદીના કથિત સોદાઓનું ફોન ટેપિંગ બહાર આવ્યું અને એમાં કેન્દ્રના એક મંત્રીનો અવાજ ચર્ચામાં આવ્યો કે મામલો ઓર બીચક્યો. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે રાજસ્થાનના મુખ્ય સચિવ કનેથી અહેવાલ મંગાવ્યો કે આવા ફોન ટેપ કરવાનું નિયમાનુસાર થયું છે કે કેમ? કાગડો કોયલને ઠગે એવો તાલ અહીં જોવા મળે છે. રાજકીય જાસૂસી થકી સત્તાધીશોને પોતાના અનુકૂળ અને પ્રતિકૂળ સાંસદો કે ધારાસભ્યો અંગે માહિતી પૂરી પાડવાની દીર્ઘ પરંપરા ભારતમાં અને એનાં વિવિધ રાજ્યોમાં દાયકાઓથી ચાલતી આવી છે. એટલે ફોનટેપિંગ અંગે કોણ દૂધે ધોયેલું છે અને કોણ મોઢે મેશ લગાવીને આવા ગોરખધંધા કરે છે એ પૂછવું કે કહેવું એ જરા વધુ પડતું ગણાય. કૌટિલ્યના પ્રાચીન ગ્રંથ ''અર્થશાસ્ત્ર''માં તો જાસૂસી તંત્રને કાયમ સાબદું રાખવાની માર્ગદર્શિકા અપાઈ છે. માત્ર દુશ્મનો પર જ નજર રાખવાની જ નહીં, પણ રાજા રાણીવાસમાં જાય તો એ પૂર્વે એને મરાવી નાંખવાનું કાવતરું ઘડાયું નથીને એની પણ પોતાના વિશ્વાસુ દૂતો પાસેથી માહિતી મેળવી લેવા કે પોતાના રાજકુમારો પર પણ જાસૂસી કરવવાની સલાહ કૌટિલ્ય આપે છે. રાજસ્થાનના તાજા ઘટનાક્રમમાં ત્રણ ફોન સંવાદની ઓડિયો ક્લિપ જાહેરમાં વહેતી થઈ. એમાં સંજય જૈન, કેન્દ્રના મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને કોંગ્રેસના ધારાસભ્ય ભંવરલાલ શર્માના કથિત અવાજમાં ધારાસભ્યોની કથિત ખરીદીના સોદાની ચર્ચા થયાનું બહાર આવ્યું. કોંગ્રેસના પીઢ નેતા અશોક ગહલોતની સરકારને પાડી દેવાના કાવતરાના ભાગરૂપે મનાતા આ સંવાદની સચ્ચાઈ ચકાસવા માટે રાજસ્થાન સરકારે સીઆઈડીના એસપી વિકાસ શર્માના વડપણ હેઠળ ખાસ તપાસ સમિતિની નિમણૂક કરી છે. સાથે જ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) તથા એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)એ ખટલા પણ દાખલ કર્યા છે. વાસ્તવમાં ગહલોત અને એમના નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ વચ્ચેના ગજગ્રાહ અને વિપક્ષી ભાજપના પુરોહિતપણા હેઠળની સઘળી કવાયતનું પરિણામ જે આવવાનું હોય તે આવશે, પણ રાજકીય પક્ષોની સરકારો પોતાના અને પારકાઓ પર પોલીસતંત્રના જ ઉપયોગથી નજર રાખવા માટે એમના ફોન ટેપ કરવાથી લઈને એમની જાસૂસી કરાવવા સુધીની કવાયતો કાયમ હાથ ધરતી હોવાની હકીકત છે. છાસવારે આવાં પ્રકરણોમાં આરોપ-પ્રત્યારોપ થાય છે, પણ પછી એ બધું વિસારે પડે છે.

સેન્ટ્રલ આઈબી અને સ્ટેટ આઈબી

કોઈપણ રાજ્યમાં કેન્દ્રનું ગુપ્તચર ખાતું (સેન્ટ્રલ આઈબી) અને રાજ્યનું ગુપ્તચર ખાતું (સ્ટેટ આઈબી) રાજકીય નેતાઓ અને એમના મળતિયાઓ પર નજર રાખવાનું કામ કરે છે. રાજકીય વિરોધીઓ જ નહી, પોતાના પક્ષના નેતાઓ અને ધારાસભ્યો કે સાંસદો પર પણ નજર રાખવા તેમજ તેમના ફોન ટેપ કરવા અને એ અંગેની માહિતી રાજકીય સત્તાધીશોને પહોંચાડવાનું કામ આ ગુપ્તચર ખાતાના અધિકારીઓ કરે છે. કેન્દ્ર સરકાર કોઈ રાજ્યના આવા

- કેન્દ્ર-રાજ્યનું ગુપ્તચર ખાતું રાજકીય નેતાઓ અને એમના મળતિયાઓ પર નજર રાખવાનું જ કામ કરે છે
- આઈજી કક્ષાના અધિકારી કોઈનો ફોન ઇન્ટરસેપ્ટ કરવાના આદેશ આપી શકે, સપ્તાહમાં ગૃહ સચિવની મંજૂરી
- આઈબીએ કોઈ ગુનાની તપાસ કરવાની નથી હોતી છતાં કરોડોના ખર્ચે અત્યાધુનિક સાધનસામગ્રી સ્થાપિત
- ફોનટેપિંગ મામલે તો કર્ણાટકના મુખ્યમંત્રી રામકૃષ્ણ હેગડેએ પોતાનું મુખ્યમંત્રીપદ ગુમાવ્યા પછી ય ટેપિંગ

ગુપ્તચર કામ અંગે અહેવાલ માંગે ત્યારે પ્રશ્ન એ ઊઠે છે કે રાજ્ય સરકાર પાસે આવી જાસૂસીનો અધિકાર છે કે કેમ? ગુજરાતના પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ (આઈજી) રહેલા એક બાહોશ અધિકારીને અમે આ અંગે પૃચ્છા કરી તો એમનો જવાબ કાંઈક આવો હતો: ''રાજ્ય સરકારને જાહેર હિતમાં આવું કરવાનો અધિકાર છે. આઈજી કક્ષાના અધિકારી કોઈનો પણ ફોન ઈન્ટરસેપ્ટ કરવાના આદેશ આપી શકે છે. વળી, એ કોઈના ફોન ટેપ કરવાનું શરૂ કરે એ પછી સપ્તાહમાં એમણે ગૃહ સચિવની મંજૂરી લેવાની હોય છે. એ મળવાની અપેક્ષાએ એ કામ શરૂ કરાવી શકે છે. આમાં કોઈનો પણ, રિપીટ કોઈનો પણ, ફોન ટેપ કરાવી શકે છે. મહિના સુધી એ ટેપ કરવાનું ચાલુ રાખે ત્યારે આગળની મંજૂરી લેવાની થાય છે. પણ આ બધું રૂટીન પ્રક્રિયાના ભાગરૂપે કોઈપણ રાજકીય પક્ષના અપવાદ વિના થાય છે. સત્તાપરિવર્તન થાય એટલે નવા શાસકોની અનુકૂળતા મુજબ આવું જાસૂસી કાર્ય થાય છે. પેલી ટેપનો સપ્તાહમાં નાશ કરવામાં આવે છે.''

''તમામ રાજ્યોમાં ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી) આ કામ કરે છે અને એટલા માટે જ આઈબી કને કરોડોના ખર્ચે અત્યાધુનિક સાધનસામગ્રી પણ સ્થાપિત કરવામાં આવે છે,'' એવું કહીને આ અધિકારી ઉમેરે છે: ''આઈબીએ કોઈ ગુનાની તપાસ કરવાની નથી હોતી, એફઆઈઆર નોંધવાની હોતી નથી, છતાં એણે કામગીરી કરવાની હોય છે એટલે કોઈ એમ કહે કે અમે કોઈ પર જાસૂસી કરતા નથી તો એ ઉલ્લૂ બનાવવાની જ વાત છે. સામાન્ય દિવસોમાં ૧૦થી ૧૫ લાઈનો ઈન્ટરસેપ્ટ કરાતી હોય છે, પણ ચૂંટણી આવે ત્યારે એ આંકડો ૧૦૦ને પણ વટાવી જાય છે.'' સચિવાલય કે મંત્રાલયમાંથી નિયમિત રીતે ફોન ટેપ કે ઈન્ટરસેપ્ટ થતા હોવાનો જાત અનુભવ આ લખનારને એ જયારે મુંબઈમાં ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપમાં તંત્રી હતો ત્યારે થયો હતો. મંત્રાલયમાં આ રીતે ઈન્ટરસેપ્ટ થયેલા સંવાદમાં એક કચ્છી જૈન અગ્રણી અને બિલ્ડરે સમકાલીનતંત્રી પર હુમલો કરાવવાનું ઘડેલું કાવતરું ઝડપાતાં કોલાબા પોલીસે થોડા દિવસ માટે સમકાલીનતંત્રીની જાણ બહાર પોલીસ સુરક્ષામાં પોલીસ વાન મૂકી હતી.

હેગડેએ મુખ્યમંત્રીપદ ગુમાવ્યું

ફોનટેપિંગ મામલે તો ભારતના મહત્વના રાજ્ય કર્ણાટકના મુખ્યમંત્રી રામકૃષ્ણ હેગડેએ પોતાનું મુખ્યમંત્રીપદ ગુમાવ્યું હતું. એ પછી પણ રાજકીય વિરોધીઓ પર જાસૂસી અને ફોન ટેપિંગ પ્રકરણનો અંત આવ્યો નથી, ઉલટાનું આવી કામગીરીને રાષ્ટ્રના હિતમાં કે જાહેર હિતમાં કાનૂની ઠરાવવાનો પ્રયાસ કોંગ્રેસ અને ભાજપની રાજ્યોની અને કેન્દ્રની સરકારો થકી થતો રહ્યો છે. સુપ્રીમ કોર્ટે આ સંદર્ભમાં આપેલા ચૂકાદાઓ અને માર્ગદર્શિકાનું છડેચોક ઉલ્લંઘન કરવાનું તમામ પક્ષના સત્તાધીશોને ફાવી ગયું છે. હમણાં રાજસ્થાનમાં ફોન ટેપિંગના મુદ્દે ભારે ઉહાપોહ મચાવનાર ભાજપની કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે ડિસેમ્બર ૨૦૧૮માં કેન્દ્રની ૧૦ એજન્સીઓને કોઈપણ નાગરિકની જાસૂસી કરવા ઉપરાંત એના ફોન કે સંદેશાઓ ઈન્ટરસેપ્ટ કરવાની અમર્યાદ સત્તા આપી છે. વ્યક્તિના અંગત જીવન તેમ જ રાઈટ ટુ પ્રાઈવસી અને જાહેર સુરક્ષા કે રાષ્ટ્રીય સુરક્ષા વચ્ચે સીધા ટકરાવ અંગે કોંગ્રેસે પ્રશ્ન ઉઠાવ્યા ત્યારે કેન્દ્રના મંત્રી રાજ્યવર્ધન રાઠોડે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે કોંગ્રેસના વડપણવાળી યુપીએ સરકારના શાસનકાળમાં દર મહિને ૯૦૦૦ ફોન અને ૫૦૦ ઈ-મેઈલને વર્ષ ૨૦૧૩માં ટેપ કરવામાં આવ્યા હતા. કર્ણાટકમાં ૧૯૮૮માં પોતાના અસંતુષ્ટ નેતાઓના જ નહીં, વિરોધ પક્ષના ૫૦ ફોન ટેપ કરાવવાના પ્રકરણમાં હેગડે સરકાર ઘરભેગી થઈ હતી, એ પછી કુમારસ્વામી સરકારે પણ પોતાના વિરોધીઓના ફોન ટેપ કરાવવાનું ચાલુ રાખ્યું હતું. એમાં કોંગ્રેસના ટોચના નેતા અને કોષાધ્યક્ષ અહમદ પટેલનો ફોન પણ ટેપ કરાવ્યો હતો. મહારાષ્ટ્ર હોય કે અન્ય રાજ્યો, માત્ર ફોન ટેપ કરવા કે ઈન્ટરસેપ્ટ કરવા કે પછી જાસૂસી કરવાનું વલણ અકબંધ અને અખંડ ચાલુ છે. વડાપ્રધાન ચંદ્ર શેખરની રાજીવ ગાંધીની કોંગ્રેસના ટેકે ચાલતી સરકાર હરિયાણાના બે કોન્સ્ટેબલ રાજીવના બંગલાની આસપાસ જાસૂસી કરી રહ્યાના બહાના હેઠળ ડૂલ કરાઈ હતી એ જાણીતું છે.

ઈઝરાયલી ટેકનોલોજીથી જાસૂસી

વ્યક્તિ સ્વાતંત્ર્ય પરના હુમલા સમાન જાસૂસી અને ફોન ટેપિંગ જ નહીં, હવે તો વોટ્સઅપ અને અન્ય પ્રકારના સંદેશાઓને ઈન્ટરસેપ્ટ કરવા માટે ઈઝરાયલી ટેકનોલોજી ઉપયોગમાં લેવામાં આવી રહી હોવાના આક્ષેપો પણ થવા માંડ્યા છે. વાત આટલે અટકતી નથી. કેન્દ્રના ગૃહ રાજ્ય મંત્રી જી. કિસન રેડ્ડીએ તો સંસદમાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં એટલે સુધી કહી દીધું કે વોટ્સઅપ, ફેસબુક મેસેન્જર, વાઈબર, ગૂગલ કોલ્સ અને સંદેશ ઈન્ટરસેપ્ટ કરવાનું કેન્દ્ર અને રાજ્ય સરકારોને કાનૂની અધિકાર મળે છે. રાષ્ટ્રીય સુરક્ષા અને મિત્ર દેશો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો જાળવવાના મુદ્દે સરકાર કોઈપણ નાગરિક કે નેતા પર જાસૂસી કરે એ કાનૂની ગણાવા માંડ્યું છે, પરંતુ કેન્દ્રની અને રાજ્યોની સરકાર અલગ અલગ પક્ષની હોય ત્યારે આ અંગે નોખી ભૂમિકા અપનાવાય છે એ બાબત રાજસ્થાનની બાબતમાં પણ સ્પષ્ટ થઈ રહી છે.

- haridesai@gmail.com